**Press Release**

# એસેન્ચર દ્વારા સમર્થિત ઈડીઆઈઆઈના ફ્લેગશિપ વીએક્ટ પ્રોગ્રામે ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉધોગ કમિશનર કચેરી સાથે એમઓયુ કર્યા

**અમદાવાદ, 16 ફેબ્રુઆરી, 2024** – એસેન્ચર દ્વારા સમર્થિત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદના વીએક્ટ પ્રોગ્રામે સમાવેશક વિકાસ અને સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉધોગ કમિશનર કચેરી સાથે સમજૂતી કરાર (એમઓયુ) કર્યો છે. ગુજરાતના કુટિર ઉધોગમાં આર્થિક વિકાસને વધારવા, સ્થાનિક કારીગરોને સશક્ત કરવા તથા ટકાઉ પ્રથાઓને આગળ ધપાવવા માટે આ સહયોગ કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉધોગ કમિશનર અને સેક્રેટરી આઈએએસ શ્રી પ્રવીણ સોલંકી, ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉધોગના અધિક નિયામક શ્રી હેતલ પટેલ, એસેન્ચરના સીએસઆર મેનેજર શ્રી ડેનિયલ થોમસ અને ઈડીઆઈઆઈના ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ્સ-કોર્પોરેટના ડિરેક્ટર ડો. રમણ ગુજરાલની હાજરીમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ સહયોગ હેઠળ ગુજરાત સ્થિત મહિલા કારીગરોને એસેન્ચર સમર્થિત વીએક્ટ પ્લેટફોર્મ દ્વારા માર્કેટ એક્સેસ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને નેટવર્ક તથા ટેક્નોલોજીનો લાભ સુનિશ્ચિત કરવામાં આવશે. વીએક્ટ એ મહિલા ઉધોગ સાહસિકોનું પ્લેટફોર્મ છે જેનો ઉદ્દેશ્ય હસ્તકલા સેતુ પ્રોજેક્ટમાં નોંધાયેલી કારીગરોને તેમનો વ્યવસાય વધારવા અને રાષ્ટ્રીય બજાર સુધીની પહોંચ મેળવવા માટે સક્ષમ બનાવવાનો છે. આ ભાગીદારી સમાવેશક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા, આર્થિક વિકાસને વધારવા તથા ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિને સાચવવા માટેના ગંભીર પ્રયાસોનું પ્રતીક છે.

વીએક્ટે ભારતભરમાં 13,400થી વધુ મહિલા ઉધોગ સાહસિકો સુધી પહોંચી છે અને કારીગરો તથા વણકરો માટે બજારને નોંધપાત્ર વધાર્યું છે.

**ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉધોગના કમિશનર તથા સચિવ આઈએએસ શ્રી પ્રવીણ સોલંકી**એ જણાવ્યું હતું કે "ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉધોગ વિભાગ તથા વીએક્ટ વચ્ચેની ભાગીદારી રાજ્યના કારીગરો અને વણકરોના કલ્યાણ માટેની દ્રઢ પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે."

**ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લા**એ જણાવ્યું હતું કે "આ ભાગીદારી ગુજરાતમાં કારીગર સમુદાયને સશક્ત કરવા તથા સમાવેશક વિકાસને આગળ વધારવા માટેના અમારી સહિયારી પ્રતિબદ્ધતાને વ્યક્ત કરે છે."

ઈડીઆઈઆઈના ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ્સ-કોર્પોરેટના ડિરેક્ટર ડો. રમણ ગુજરાલે જણાવ્યું હતું કે "આ એમઓયુ વીએક્ટ પ્રોગ્રામ થકી હસ્તકલા સેતુ પ્રોજેક્ટ (ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉધોગ

કમિશનર કચેરી દ્વારા સમર્થિત અને ઈડીઆઈઆઈ દ્વારા અમલી)ના લાભાર્થીઓ માટે વિસ્તૃત બજારો તથા નેટવર્કના સંદર્ભમાં સર્વગ્રાહી સમર્થન પ્રદાન કરશે."

**About Accenture supported WeAct (Access Connect & Transform) Chamber of Commerce for Women Entrepreneurs- CoC**

EDII in collaboration Accenture, created a forum named Women Entrepreneurs- Access Connect Transform (WeAct) in 2020. The Platform is a one-stop solution for women entrepreneurs of rural regions, to provide them with handholding assistance to render their business profitable and sustainable. The project rests on the five pillars of Market Access; Product & Business Development; Knowledge & Networking; Mentoring and Technology.

**About Entrepreneurship Development Institute of India (EDII)**

The Entrepreneurship Development Institute of India (EDII), Ahmedabad was set up in 1983 as an autonomous and not-for-profit Institute. It is sponsored by apex financial institutions - the IDBI Bank Ltd., IFCI Ltd., ICICI Bank Ltd. and the State Bank of India (SBI), and has been supported by the Government of Gujarat. EDII has been recognized as the CENTRE OF EXCELLENCE by the Ministry of Skill Development and Entrepreneurship, Govt. of India. The Institute has also been listed as the Institute of National Importance by the Education Department, Govt. of Gujarat. EDII operates across the country through its seven regional offices and PAN India project offices. It has international affiliates in Cambodia, Laos, Myanmar Vietnam, Uzbekistan and Rwanda. For more information visit: www.ediindia.org

**For more information, contact:**

Nirupam Banerjee, Adfactors PR: 9825984727
Hiral Oza, Adfactors PR: 7043901987